મહીસાગર સેવા સદનમાં યુવા કોંગ્રેસનો 'હલ્લાબોલ': દૂષિત પાણીની બોટલો સાથે કલેક્ટર કચેરીમાં સૂત્રોચ્ચાર

# બાલાસિનોર તાલુકાના જમીયતપુરાની ઝેરી કેમિકલ ડમ્પિંગ સાઈટ બંધ કરવા રણશિંગું

**સાત** દિવસમાં સાઈટ સીલ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી


તસવીર: ચિંતન પટેલ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.30

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના જમીયતપુરામાં ધમધમતી 'મૌર્યા એનવાયરો પ્રા.લી.'ની ઝેરી કેમિકલ ડમ્પિંગ સાઈટ સામે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ સાહિલ પરમારની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ લુણાવાડા કલેક્ટર કચેરીમાં રેલી સ્વરૂપે ધસી જઈ તંત્રનો ઘેરાવો કર્યો હતો. કેમિકલયુક્ત દૂષિત પાણી અને વિસ્તારમાં ફેલાયેલા જીવલેણ રોગચાળા મુદ્દે તંત્રને જગાડવા માટે કાર્યકરોએ રામધૂન અને સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ અંગે યુવા કોંગ્રેસે આવેદનપત્રમાં ગંભીર આક્ષેપ કરાયો છે કે, બેફામ કેમિકલ ડમ્પિંગને કારણે વિસ્તારનું ભૂગર્ભ જળ સંપૂર્ણપણે ઝેરી બની ગયું છે અને હવામાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. આ પ્રદૂષણને કારણે સ્થાનિકોમાં કમળાનો જીવલેણ રોગચાળો ફેલાયો છે અને ફળદ્રુપ જમીનો બંજર બની રહી છે. એટલું જ નહીં, પશુધન સહિત વિશ્વપ્રસિદ્ધ રૈયોલી ડાયનોસોર પાર્કના અસ્તિત્વ પર પણ ગંભીર ખતરો ઊભો થયો છે. અગાઉ પ્રાંત અધિકારીના આદેશ છતાં આ સાઈટ હજુ પણ કાર્યરત હોવાથી જીપીસીબી (GPCB) અને વહીવટી તંત્રની ભૂમિકા સામે શંકાની સોય તણાઈ છે. યુવા કોંગ્રેસે માંગ કરી છે કે આ ડમ્પિંગ સાઈટને તાત્કાલિક સીલ કરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે અને તટસ્થ એજન્સી દ્વારા વૈજ્ઞાનિક તપાસ કરાવાય. જો આગામી સાત દિવસમાં નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે, તો બાલાસિનોરની જનતાને સાથે રાખી ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન અને ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### જાહેરનામાના ધજાગરા ઉડ્યા

સેવા સદનમાં પહેલી એપ્રિલ સુધી 200 મીટરના વિસ્તારમાં ચારથી વધુ લોકોના એકઠા થવા કે રેલી કાઢવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું છે. આમ છતાં, મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકરોએ કચેરીની લોબીમાં જ દેખાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ખુદ કલેક્ટર રૂબરૂ આવીને આવેદન સ્વીકાર્યું હતું.

## કુદરતનો વરતારો | ટીંટોડીએ વહેલા અને ઊંચાણવાળા ભાગમાં ઈંડા મૂકી વહેલા વરસાદના આપ્યા સંકેત



કપડવંજના વાઘક કાંઠાના રવદાવત ગામે આવેલા શ્રીશક્તિ ફાર્મ હાઉસમાં ટીંટોડીએ સામાન્ય સમય કરતાં બે મહિના વહેલા ઈંડા મૂક્યા છે, જે બદલાતા વાતાવરણ અને ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસર ગણાવાય રહ્યું છે. સામાન્ય રીતે જેઠ મહિનામાં ઈંડા મૂકતી ટીંટોડીએ આ વખતે વાવાઝોડા અને બદલાતી ઋતુઓને ધ્યાનમાં રાખી વહેલી પસંદગી કરી છે. ખેડૂત ઝાલા ફતેસિંહના અવલોકન મુજબ, ટીંટોડીએ ઈંડા ખેતરના ઊંચા ટેકરાવાળા ભાગમાં મૂક્યા હોવાથી આ વર્ષે વરસાદ વહેલો તકે અને ખૂબ જ વધુ આવવાની પ્રબળ શક્યતા જણાઈ રહી છે. કુદરતી આફતો અને હિંસક પશુઓથી પોતાના ઈંડાને સુરક્ષિત રાખવા માટે આ પક્ષી રાત-દિવસ ઉજાગરા કરી પહેરો ભરે છે, જે તેની અદ્ભુત કુદરતી સૂઝ અને પરંપરાગત વર્ષા વિજ્ઞાનનો જીવંત નમૂનો પૂરો પાડે છે. તસવીર : હરિશ જોષી

# તારાપુરમાં વ્યાજખોરોના ત્રાસથી યુવકે ઝેરી દવા પી આપઘાત કર્યો

**અમદાવાદના** યુવકે બે વ્યાજખોરોના નામ સાથે સ્યુસાઇટ નોટ લખી દવા પી લીધી

(પ્રતિનિધિ) આણંદ તા.30

તારાપુર તાલુકાના મહિયારી ગામના ખેતરમાં ઝેરી દવા પી અમદાવાદના યુવકે આપઘાત કર્યો હતો. આ યુવકની સ્યુસાઈટ નોટમાં બે વ્યાજખોરોના નામ અને મોબાઈલ નંબર આપ્યાં હતાં. જેના આધારે તારાપુર પોલીસે બન્ને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાતના ગોલાણાના વતની અને હાલ અમદાવાદના યુવક સાથે લગ્ન કરનારા વર્ષાબહેનના પતિ જીગ્નેશ શશીકાંત પંચાલ ખાનગી કંપનીમાં નોકરી કરતાં હતાં. બાદમાં તેઓએ નોકરી છોડી વાયરમેનનું કામ શરૂ કર્યું હતું. આ દરમિયાન જીગ્નેશ ધંધા અર્થે કૃણાલ પંડિત અને અંકિત પટેલના સંપર્કમાં આવ્યો હતો અને તેમની પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતાં. આ અંકિત તથા કૃણાલ અવાર નવાર વ્યાજની ઉઘરાણી માટે જીગ્નેશને ફોન કરતાં રહેતાં હતાં. જેના કારણે જીગ્નેશ માનસિક તણાવમાં રહેતો હતો. દરમિયાનમાં 26મી માર્ચના રોજ સવારના જીગ્નેશ બાઈક લઈને ઘરેથી નીકળી ગયો હતો અને મોડા સુધી ઘરે આવ્યો નહતો. આથી ચિંતિત વર્ષાબહેને તપાસ કરતાં તેમના પિયર ગોલાણા ગામે ગયો હતો. પરંતુ ત્યાં પણ બાઈક મુકી તે ક્યાંક જતો રહ્યો હતો. બાદમાં તેનો મોબાઈલ પણ સ્વીચ ઓફ થઈ ગયો હતો.

બીજા દિવસે સાંજના જીગ્નેશને દવા પીધી હોવાથી તેને તારાપુર હોસ્પિટલમાં દાખલ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, જીગ્નેશની તબિયત વધુ લથડતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તેનું મૃત્યું નિપજ્યું હતું. વર્ષાબહેને જીગ્નેશ પાસેથી મળેલા થેલામાં તપાસ કરતાં સ્યુસાઈટ નોટ મળી હતી. જેમાં તેણે કૃણાલ પંડિત અને અંકિત પટેલ પાસેથી વ્યાજે નાણા લીધા હોવાનું અને બન્ને હેરાન કરતાં હોવાથી આપઘાત કર્યો હોવાનુ જણાવ્યું હતું. આ અંગે વર્ષાબહેન પંચાલે તારાપુર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ખંભાતમાં ચાર શખસે અઢી દાયકાથી જમીન પચાવી પાડી

**જમીન પર** કબજો કરી પાકનું ઉત્પાદન મેળવનારા ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) આણંદ તા.30

ખંભાત તાલુકાના વાડોલા ગામમાં આવેલી ખેતીલાયક જમીન પર ગેરકાયદેસર કબજો કરી, છેલ્લા 26 વર્ષથી અલગ-અલગ પાકનું ઉત્પાદન મેળવી આર્થિક લાભ લેનાર ચાર શખ્સો વિરુદ્ધ ખંભાત રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, હાલ વલ્લભ વિદ્યાનગરમાં રહેતા અને મૂળ વાડોલાના વજેસિંહ રામસિંહ ચૌહાણની વાડોલા ગામમાં ખેતીલાયક જમીન આવેલી છે. આ જમીન તેમના પિતા રામાભાઈ ચૌહાણે વર્ષ 1999માં કાયદેસરના અઘાટ વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી. આ જમીનના છેવાડે રહેતા જીવતબેન પરમારે અગાઉ કોર્ટમાં દાવો કર્યો હતો, જેમાં નામદાર કોર્ટે માત્ર તેમના છાપરા પૂરતો જ મનાઈ હુકમ આપ્યો હતો.

આ મનાઈ હુકમ છતાં અરવિંદ રામાભાઈ પરમાર, રાવજી મુળજીભાઈ પરમાર, સોમા મુળજીભાઈ પરમાર અને રમેશ સોમાભાઈ પરમારે મૂળ માલિકને જમીનમાં ખેડવા જવા દીધા ન હતાં. આરોપીઓએ આ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી છેલ્લા 26 વર્ષથી તેને પચાવી પાડી હતી અને તેમાંથી પાક ઉત્પાદન મેળવી ઉપજ મેળવતા હતાં. આ અંગે વજેસિંહ ચૌહાણે ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# સેવાલિયા-ઠાસરા માર્ગ પર 'ટુકડે ટુકડે' કામ થતાં સ્થાનિકોમાં રોષ

**બિસ્માર** રોડના સમારકામમાં આળસ અને પક્ષપાતનો આક્ષેપ



(પ્રતિનિધિ) સેવાલિયા તા.30

સેવાલિયા અને ઠાસરા વચ્ચેનો મુખ્ય માર્ગ છેલ્લા લાંબા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી હજારો વાહનચાલકો માટે અહીંથી પસાર થવું કપરા ચઢાણ સમાન બન્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આખા રોડનું નવીનીકરણ કરવાને બદલે માત્ર અમુક હિસ્સામાં જ 'ટુકડે-ટુકડે' થીગડા મારવાની નીતિ અપનાવવામાં આવતા સ્થાનિકો અને મુસાફરોમાં તંત્ર સામે તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ માર્ગ પર ઠેર-ઠેર પડેલા મોટા ખાડાઓને કારણે વાહનોના ટાયર અને સસ્પેન્શનમાં ભારે નુકસાન થઈ રહ્યું છે. જે અંતર કાપવામાં અગાઉ માત્ર 15 મિનિટનો સમય લાગતો હતો, ત્યાં હવે ટ્રાફિક જામ અને રસ્તાની દુર્દશાને કારણે મુસાફરો કલાકો સુધી અટવાય છે. વધુમાં, ઉડતી ધૂળની ડમરીઓ અને ઉબડ-ખાબડ રસ્તાઓને લીધે ચાલકોમાં કમરનો દુખાવો અને શ્વાસની બીમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા માત્ર કાગળ પર કામ બતાવીને કામચલાઉ સમારકામ કરવામાં આવે છે, જે અકસ્માતને સીધું આમંત્રણ આપે છે.

આ માર્ગની ખરાબ હાલતને કારણે માલ-સામાનની હેરફેર મોંઘી બનતા વેપારીઓ પણ પરેશાન છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ગંભીર બીમારી કે અકસ્માતના સમયે એમ્બ્યુલન્સને પસાર થવામાં પડતી મુશ્કેલી દર્દીઓના જીવ માટે જોખમી બની શકે તેમ છે. ઉગ્ર આંદોલનની ચીમકી લોકોની હવે એક જ માંગ છે કે તંત્ર 'ટુકડે-ટુકડે' કામ કરવાનું બંધ કરી, યોગ્ય આયોજન સાથે આખેઆખો રોડ નવો અને મજબૂત બનાવે. જો આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન અને ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ઇન્દુકાકા ઇપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી ખાતે એઆઇ વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઇ

**આણંદ |** ઇન્દુકાકા ઇપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી (IICP) ખાતે ગુજકોસ્ટ અને ડીએસટી દ્વારા પ્રાયોજિત 'ફાર્મા 5.0: ભવિષ્યના આરોગ્યસંભાળ માટે એઆઈ અને ટકાઉ નવીનતાઓ' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદ સફળતાપૂર્વક યોજાઈ હતી. આ પરિષદમાં ડ્રગ ડિસ્કવરી, ક્લિનિકલ પ્રેક્ટિસ અને ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિની ભૂમિકા અંગે વિવિધ ટેકનિકલ સત્રો દ્વારા નિષ્ણાતોએ ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલ અને સન ફાર્માના ડો. મુરલીધર ઝોપે સહિતના પ્રતિષ્ઠિત મહાનુભાવોએ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં ટેકનોલોજીના વધતા પ્રભાવ અને મહત્વ વિશે ચર્ચા કરી હતી.



### ખંભાતના વટાદરામાં આંગણવાડી કાર્યકરનો ભવ્ય વિદાય-સન્માન સમારોહ યોજાયો



**ખંભાત |** ખંભાતના વટાદરાના દોઢિયાપુરા આંગણવાડીના કાર્યકર રેખાબેન પટેલનો વય નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ સ્વામિનારાયણ મંદિર ખાતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે આઈસીડીએસ સુપરવાઈઝર અને સરપંચે ઉપસ્થિત રહી તેમની ઉત્તમ સેવા અને કર્તવ્યનિષ્ઠાને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. રેખાબેનના પરિવારે આ તકે શાળા-આંગણવાડીમાં પ્રીતિભોજનનું આયોજન કરી સાથી કાર્યકર બહેનોને સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પેટલાદના નારમાં ગોકુલધામ ક્રિકેટ ચેમ્પિયન લીગમાં 32 ટીમો વચ્ચે જામશે જંગ




**પેટલાદ |** ગોકુલધામ સ્પોર્ટ્સ એકેડમી દ્વારા આયોજિત GCL-2026નું ઉદ્ઘાટન સંતો અને મંત્રીઓની ઉપસ્થિતિમાં ટ્રોફી અનાવરણ સાથે ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું. આ ટી20 ટૂર્નામેન્ટમાં 32 ટીમ બે ગ્રુપમાં રાત્રિ દરમિયાન મેચો રમશે, જેનું જીવંત પ્રસારણ CricHeroes એપ્લિકેશન પર નિહાળી શકાશે. વિજેતા ટીમને રૂ. 1,11,111 અને રનર-અપને રૂ. 75,000 સહિત કુલ રૂ. 5 લાખથી વધુના ઇનામો એનાયત કરવામાં આવશે. મહાનુભાવોએ ખેલાડીઓને ખેલદિલી, શિસ્ત અને ટીમવર્ક સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરી નવી પ્રતિભા તરીકે ઉભરી આવવા પ્રોત્સાહિત કર્યા હતા.

### કપડવંજની વ્યાસવાસણા શાળામાં 'વિશ્વ ચકલી દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી

**કપડવંજ |** કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં તાજેતરમાં 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણનું જતન અને લુપ્ત થતી જતી ચકલીઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો હતો. શાળાના બાળકો અને શૈક્ષણિક સ્ટાફ દ્વારા પક્ષીઓના સંરક્ષણના ઉમદા હેતુ સાથે આ દિવસની સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. પ્રકૃતિ સાથેના જોડાણને મજબૂત બનાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર શાળા પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



### કપડવંજના આતરસુંબાના તલાટીનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો

**કપડવંજ |** આતરસુંબા ગામે ફરજ બજાવતા તલાટી અનીલસિંહ ઝાલાની મહુધાના કપરુપુર ગામે બદલી થતા તેમનો વિદાય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આતરસુંબાના સરપંચ નીતાબેન પટેલ અને ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ સહિત ગ્રામ પંચાયતના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયત દ્વારા તલાટીની છેલ્લા ત્રણ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવી તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. ઉપસ્થિત તમામ સદસ્યોએ અનીલસિંહ ઝાલા આગામી સમયમાં નવી જગ્યાએ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.




### કપડવંજના ભઈલાકુઇ પ્રાથમિક શાળામાં ડો. વિરાજ મુન્શા દ્વારા વિદ્યાર્થીઓને ટી-શર્ટનું વિતરણ

**કપડવંજ |** કપડવંજ તાલુકાની ભઈલા કુઈ પ્રાથમિક શાળામાં શનિવારની વિશેષ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે દાતા ડો. વિરાજ મુન્શા દ્વારા ઉમદા દાન આપવામાં આવ્યું છે. આચાર્ય કુલદીપસિંહના પ્રયાસોથી ધોરણ 3થી 8ના તમામ જરૂરિયાતમંદ બાળકોને રમતગમત, યોગ અને પ્રોજેક્ટ કાર્ય માટે ટી-શર્ટ અર્પણ કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે આ શાળામાં દર શનિવારે 'વાર્તાનો વડલો' અંતર્ગત સંગીત, સીવણ, મહેંદી અને ચેસ જેવી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ ભેટ મળતા બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને શાળા પરિવારે દાતાનો આભાર માન્યો હતો.



### નડિયાદના વાલ્લામાં ગાંધીવાદી શિક્ષકની 38 ફૂટના હાર સાથે ભવ્ય વિદાય સમારંભ યોજાયો

**નડિયાદ |** વાલ્લા ગામની પ્રાથમિક શાળામાં 39 વર્ષ સુધી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરનાર ગાંધીવાદી શિક્ષક હિતેશકુમાર બ્રહ્મભટ્ટનો સાંસદ દેવુસિંહ ચૌહાણ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય વિદાય સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ શિક્ષકને 38 ફૂટ લાંબા ફૂલોના હારથી સન્માનિત કર્યા હતા અને ડીજેના તાલે બગીમાં બેસાડી ભવ્ય આતશબાજી સાથે આખા ગામમાં તેમની શોભાયાત્રા કાઢી હતી. વિદાય લઈ રહેલા શિક્ષક હિતેશકુમારે પણ પોતાની ઉદારતાનો પરિચય આપતા નિવૃત્તિ વેળાએ શાળા અને 'બાળદેવો' માટે 1 લાખ 51 હજાર રૂપિયાનું વસ્તુરૂપે દાન અર્પણ કરીને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



### રૂણ કન્યા છાત્રાલય ખાતે સુમધુર સંગીત સંધ્યા: કલાકારોનું કરાયું સન્માન



**વસો |** રૂણ કન્યા છાત્રાલયમાં વડોદરાના જાણીતા કલાકારો પરેશકુમાર કોટવાની અને રના દેસાઈની પાર્ટીએ સંગીતના સૂરો રેલાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ હરિભાઈ પટેલ અને મંત્રી જયરામભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત તમામ કલાકારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટી ગૌતમ બ્રહ્મભટ્ટ અને દિલીપ ભટ્ટની ઉપસ્થિતિમાં છાત્રાલયની કન્યાઓએ સુંદર ગીતોની રમઝટનો આનંદ માણ્યો હતો. આ સંગીતમય માહોલમાં વૃદ્ધાશ્રમના વડીલો પણ ઉત્સાહભેર જોડાયા હતા અને કલાકારોની પ્રસ્તુતિથી રસતરબોળ બન્યા હતાં.

### નડિયાદમાં ગુજરાતની સર્વપ્રથમ 'ખેડા જિલ્લા AI ટેકનોલોજી સહકારી મંડળી'નો પ્રારંભ



**નડિયાદ |** નડિયાદમાં ગુજરાત રાજ્યની સર્વપ્રથમ ખેડા જિલ્લા AI ટેકનોલોજી સહકારી મંડળી લિ. નો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અવસરે સાંસદ દેવુસિંહ ચૌહાણ અને અજયભાઈ બ્રહ્મભટ્ટ સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી સંસ્થાને કાર્યરત કરી હતી. આ કાર્યક્રમમાં કેડીસીસી બેંકના ચેરમેન તેજસભાઈ પટેલ અને સહકારી સંઘના રાજુભાઈ પટેલ જેવા અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. મંડળીના વાઇસ ચેરમેન જયરામભાઈ દેસાઈ અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સહકારી ક્ષેત્રે આ નવીન શરૂઆત કરવામાં આવી છે.

### આણંદમાં કર્મરાજ ફાઉન્ડેશન દ્વારા 'ચકલી બચાવો અભિયાન' અંતર્ગત નિ:શુલ્ક માળા વિતરણ

**આણંદ |** આણંદની સામાજિક સંસ્થા કર્મરાજ ફાઉન્ડેશન દ્વારા શહેરીકરણ વચ્ચે લુપ્ત થતી ચકલીઓના સંવર્ધન માટે સતત ત્રીજા વર્ષે નિ:શુલ્ક માળા વિતરણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય અતિથિ પ્રાપ્તિબેન મેહતાના હસ્તે કાર્યક્રમની શરૂઆત થઈ હતી, જેમાં તેમણે પક્ષીઓના જતનને સૌની નૈતિક ફરજ ગણાવી સંસ્થાના આ પ્રશંસનીય પ્રયાસને બિરદાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ કલ્પેશ રાજ અને ટીમ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વોલેન્ટિર્સે લોકોને માળાનું યોગ્ય સ્થાપન કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉનાળાની શરૂઆતમાં અબોલ પક્ષીઓને સુરક્ષિત આશરો આપવાના આ સેવાકીય પ્રકલ્પને સ્થાનિક નાગરિકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.



### વીરપુરના ડેભારી અને સાલૈયામાં ખેડા બેંકના એટીએમનું અમુલના ચેરમેનના હસ્તે લોકાર્પણ કરાયું

**વીરપુર |** મહીસાગરના વીરપુર તાલુકાના ડેભારી અને સાલૈયા ગામે ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નવા એટીએમ કેન્દ્રો વિધિવત રીતે ખુલ્લા મુકાયા છે. અમુલ ડેરીના ચેરમેન સાયબસિંહ પરમાર અને ધારાસભ્ય માનસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ આધુનિક બેંકિંગ સુવિધા શરૂ કરાઈ હતી. આ સુવિધાથી દૂધ મંડળીના સભાસદો અને સ્થાનિક ગ્રામજનોને હવે રોકડ ઉપાડવા માટે બેંકની લાંબી લાઈનોમાં ઉભા રહેવામાંથી મુક્તિ મળશે.

